મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૦-૦૯-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૫૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## જ્યાં જ્ઞાન અને વૈજ્ઞાનિક સમજની ઉણપ હોય ત્યાં અંધશ્રદ્ધાં હાવી થઈ જતી હોય છે

# ગેરીતામાં પવિત્રતા ચકાસવા નણંદ, નણદોઈ સહિતના ચાર લોકોએ પરિણીતાને ઉકળતા તેલમાં હાથ નંખાવીને અત્યાચાર ગુજાર્યો !

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વિજાપુર તાલુકા ના ગેરીતા ગામનો બનાવ. ગેરીતા ગામમાં અજીબોગરીબ બન્યો બનાવ. અંધશ્રદ્ધાને પ્રસ્થાપિત કરતો કિસ્સો નોધાયો. પરણીતા ઉપર શંકા અને વ્હેમ રાખી આક્ષેપો કર્યા. અન્ય સાથે સંબંધો હોવાના આક્ષેપો કર્યા. નણંદ,નણંદોઈ, નણંદોઈ ના ભાઈ સહિત ૪ ઈસમો એ આક્ષેપ કર્યા. પરણીતાની પવિત્રતા ચકાસવા ઉકળતા તેલ માં હાથ નંખાવ્યા. ઉકળતું ગરમ તેલ પગ ઉપર પણ નાખ્યું.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ગેરીતા ગામમાં એક આશ્ચર્યજનક અને દુ:ખદ ઘટના બની છે, જેણે અંધશ્રદ્ધાના દૂષણને ફરી એકવાર ઉજાગર કર્યું છે. અહીં એક પરણીતાને તેની પવિત્રતા સાબિત કરવા માટે ઉકળતા તેલમાં હાથ નાખવા મજબૂર કરવામાં આવી હતી.

આ ઘટનામાં, પરણીતાના ચાર સંબંધીઓ જેમાં તેની નણંદ, નણંદોઈ અને નણંદોઈના ભાઈનો સમાવેશ થાય છે- એ તેના ચારિત્ર્ય પર શંકા રાખી હતી.

આ ઈસમોએ પરણીતાના અન્ય કોઈ વ્યક્તિ સાથેના સંબંધો હોવાના આક્ષેપો કર્યા હતા. આ આક્ષેપોની ‘પરીક્ષા’ કરવા માટે, તેઓએ એક અંધશ્રદ્ધાળુ પ્રથાનો સહારો લીધો.

પરણીતાને તેની નિર્દોષતા સાબિત કરવા માટે ઉકળતા તેલમાં હાથ નાખવા ફરજ પાડવામાં આવી હતી. આટલેથી જ બસ નહીં, પરંતુ તેના પગ પર પણ ગરમ તેલ રેડવામાં આવ્યું હતું.

આ ક્રૂર કૃત્યને કારણે પરણીતા ગંભીર રીતે દાઝી ગઈ હતી.

આ ભયાનક ઘટના બાદ, પીડિત પરણીતાએ નણંદ જમના ઠાકોર, નણંદોઈ મનુ ઠાકોર અને અન્ય બે ઈસમો સહિત કુલ ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. વિજાપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના સમાજમાં ઊંડી ઉતરી ગયેલી અંધશ્રદ્ધા અને વહેમને દર્શાવે છે. આધુનિક યુગમાં પણ આવા બનાવો બનવા એ ચિંતાજનક છે. આ કિસ્સો કાયદા અને માનવતા બંને માટે એક પડકાર સમાન છે.

### આ ક્રૂર કૃત્યને કારણે પરણીતા ગંભીર રીતે દાઝી ગઈ હતી

**આ ભયાનક ઘટના બાદ, પીડિત પરણીતાએ નણંદ જમના ઠાકોર, નણંદોઈ મનુ ઠાકોર અને અન્ય બે ઈસમો સહિત કુલ ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. વિજાપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના સમાજમાં ઊંડી ઉતરી ગયેલી અંધશ્રદ્ધા અને વહેમને દર્શાવે છે. આધુનિક યુગમાં પણ આવા બનાવો બનવા એ ચિંતાજનક છે. આ કિસ્સો કાયદા અને માનવતા બંને માટે એક પડકાર સમાન છે.**




## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી મહેસાણા જિલ્લાની મુલાકાતે

# સતલાસણાના જશપુરીયાના ખેડૂત લાલજીભાઈ કાનાભાઇ પરમારના પરિવાર સાથે સાત્વિક ભોજનનો આસ્વાદ માણ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા જિલ્લાની મુલાકાતે પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સતલાસણા તાલુકાના જશપુરીયા ખાતે ખેડૂત લાલજીભાઈ કાનાભાઈ પરમારના પરિવાર સાથે સાંજે સાત્વિક ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

રાજ્યપાલશ્રીએ ખૂબ જ સહજતા સાથે આ પરિવારના તમામ સભ્યોની વડિલ સહજ ભાવથી પૃચ્છા કરી તેમની પરિસ્થિતિ જાણી હતી. રાજ્યપાલશ્રીએ પરિવારના બાળકોને જીવનમાં શિક્ષણ અને સંસ્કારનું મહત્વ અંગે જણાવી તેઓ ખૂબ આગળ વધે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.



રાજ્યપાલશ્રીએ સાત્વિક ભોજનમાં ચોળી બટાકાનું શાક, મગનું શાક, સાદી ખીચડી અને રોટલીનો આસ્વાદ માણ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, જશપુરીયાના રહેવાસી લાલજીભાઈ કાનાભાઇ પરમાર પરિવાર ખેતી અને પશુપાલન કરીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યાં છે.

જેમના ઘરે રાજ્યપાલશ્રીનું આગમન અને આ પરિવાર સાથે લીધેલા ભોજન બદલ, પરિવારના સૌ ભાવવિભોર બની ગયા હતા.

## સતલાસણા તાલુકાના જશપુરીયાના ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત

# રાજ્યપાલએ સ્થાનિક સફાઈકર્મીઓ અને ગ્રામજનો સાથે સફાઈ અભિયાન હાથ ધર્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા જિલ્લાની મુલાકાતે પધારેલા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું સતલાસણા તાલુકાના જશપુરીયા ગામે ગ્રામજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. રાજ્યપાલશ્રીએ ગ્રામજનોનું અભિવાદન ઝીલ્યું હતું. આ તકે રાજપાલશ્રી નાના ભુલકાઓને સ્નેહ કરતા નજરે પડ્યા હતા. આ ઉપરાંત રાજ્યપાલશ્રીએ નાના બાળકો અને વડીલો સાથે સહજ સંવાદ કરી તેમના સરળ વ્યક્તિત્વનો પરિચય આપ્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ×એક પેડ માઁ કે નામ× ૨.૦ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું. મહેસાણા જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગ દ્વારા આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ વડનું વૃક્ષ રોપીને પર્યાવરણ સંરક્ષણ થકી હરિયાળા ગુજરાતનો સંદેશ આપ્યો હતો.

આ ઉપરાંત રાજ્યપાલશ્રીએ સ્થાનિક સફાઈકર્મીઓ અને ગ્રામજનો સાથે સ્વચ્છતા હાથ ધર્યું હતું. સ્વચ્છતા બાદ રાજ્યપાલશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનનો ઉલ્લેખ કરતા ગ્રામજનોને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે ગામના સફાઈ કર્મીઓને બિરદાવ્યા હતા અને સ્વચ્છતાને સંસ્કાર બનાવવાની પણ તેમણે અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં મહેસાણા લોકસભા સાંસદશ્રી હરિભાઈ પટેલ, પાટણ લોકસભા સાંસદશ્રી ભરતસિંહ ડાભી, રાજ્યસભા સાંસદશ્રી મયંકભાઈ નાયક, ખેરાલુ ધારાસભ્યશ્રી સરદારભાઈ ચૌધરી, જિલ્લા કલેકટરશ્રી એસ. કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેક્ટરશ્રી જશવંત કે. જેગોડા અને ગામના સરપંચશ્રી રાજેન્દ્રકુમાર ચૌધરી, સંબંધિત અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી મહેસાણા જિલ્લાની બે દિવસીય મુલાકાતે

## ખોટા વેલ્યુએશન રિપોર્ટથી ૪.૫૪ કરોડની આચરવામાં આવી હતી

# કડી તાલુકાના મેડા આદરજ ગામમાં બેંક ઓફ ઇન્ડિયા ઠગાઈ કેસ : રબારી મનુભાઈને મળી રેગ્યુલર જામીન

**સેશન્સ કોર્ટે સરકારી વકીલની દલીલથી જામીન અરજી ફગાવી, પટાવાળા સહિત આરોપી જેલમાં બંધ**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

કડી તાલુકાના મેડા આદરજ ગામમાં બેંક ઓફ ઇન્ડિયા શાખા ખાતે થયેલા કરોડોના ઠગાઈ કેસમાં મુખ્ય આરોપી રબારી મનુભાઈને રેગ્યુલર જામીન મળી છે. સેશન્સ કોર્ટ, મહેસાણાએ આ અરજી ફગાવી છે.

આ કેસમાં બેંક દ્વારા નિમાયેલા વેલ્યુઅર દ્વારા ખોટા સોનાને સાચું બતાવીને કુલ ૪.૫૪ કરોડની લોન આચરવામાં આવી હતી. આ ઠગાઈમાં બેંકના પટાવાળા રબારી મનુભાઈની પણ સંડોવણી સામે આવી હતી. તેમણે પણ ખોટા વેલ્યુએશન રિપોર્ટ બનાવીને લોન મેળવી હતી. આ કેસમાં જેલમાં બંધ આરોપી



રબારી મનુભાઈએ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી.

સરકારી વકીલ પરેશકુમાર દવેની દલીલો આધારે સેશન્સ કોર્ટના જજ એમ.એફ. ખત્રીએ આ અરજી ફગાવી છે. આ કેસમાં તપાસ ચાલુ છે અને વધુ વિગતો સામે આવવાની શક્યતા છે.

# હિમાચલ-કાશ્મીરમાં વરસાદથી મહેસાણા ફ્રૂટ માર્કેટમાં સફરજન વેપારીઓને કરોડોનું નુકસાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને ભૂસ્ખલનથી રસ્તાઓ બંધ થઈ જવાથી મહેસાણાના ફ્રૂટ માર્કેટમાં સફરજન વેપારીઓને ભારે આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. સામાન્ય રીતે ત્રણ દિવસમાં પહોંચતા સફરજનભરતી ટ્રકો આ વખતે ૧૦થી ૧૨ દિવસ અટવાઈ રહી, જેના કારણે મોટા ભાગનો માલ બગડી ગયો અને માર્કેટમાં અડધાથી વધુ સફરજન નબળી ગુણવત્તાના પહોંચ્યા હતા. આનાથી વેપારીઓને લાખો-કરોડો રૂપિયાનું નુકસાન થયું છે, જેમાં હિમાચલ-કાશ્મીરના ખેડૂતો પણ સામેલ છે.સેપ્ટેમ્બર મહિનામાં હિમાચલ પ્રદેશમાં ૫૧૦% વધુ વરસાદ પડ્યો હોવાનું IMD ડેટા દર્શાવે છે, જેના કારણે રસ્તાઓ પર ભૂસ્ખલન અને પૂર આવ્યા. જમ્મુ-કાશ્મીરમાં ૫૦% વધુ વરસાદ અને હિમાચલમાં ૩૦% વધુ વરસાદથી એપલના મુખ્ય ઉત્પાદન વિસ્તારોમાં વિપરીત અસર પડી, જે ભારતના ૯૦% એપલનું ઉત્પાદન કરે છે. આ વરસાદથી ૨૫,૦૦૦ એકર એપલના બગીચા ખરાબ થયા અને રસ્તાઓ બંધ થવાથી પરિવહન વ્યવસ્થા ઠપ્પ થઈ ગઈ.મહેસાણા ફ્રૂટ માર્કેટમાં ૧૫ જેટલા સફરજન વેપારીઓ છે, જ્યાં રોજ ૧૦થી ૧૨ ગાડીઓ આવે છે. વેપારી ધીરજ કરમચંદાણીએ જણાવ્યું, ‘મહેસાણામાં મોટો માલ હિમાચલ અને કાશ્મીરથી આવે છે. વરસાદથી રસ્તાઓ બંધ થઈ ગયા અને ગાડીઓ ૧૦થી ૧૨ દિવસ અટવાઈ રહી. એક ગાડીની કિંમત ૧૨-૧૩ લાખ રૂપિયા હોય છે અને ૫૦% માલ બગડી જવાથી ગાડી દીઠ ૬-૭ લાખનું નુકસાન થયું. આ નુકસાન વેપારીઓને તો છે જ, પરંતુ મોકલનારા ખેડૂતોને પણ ભારે ફટકો પડ્યો છે.’

## વોર્ડ નં. ૯ના નવરંગ ગ્રાઉન્ડ પાસે રાત્રે ગાયોનો કાફલો દોડતો અને લડતો હોવાથી સ્થાનિકોમાં ભય

# મહેસાણા શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ : નાગરિકોમાં અકસ્માતનો ભય

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે.

ખાસ કરીને વોર્ડ નં. ૯ના નવરંગ ગ્રાઉન્ડ આગળ રાત્રે ૨૦-૨૫ ગાયોનો કાફલો ભેગો થઈ અડ્ડો જમાવે છે, જે ગમે ત્યારે દોડે છે અને લડે છે. આના કારણે રાહદારીઓ અને સ્થાનિક રહેવાસીઓમાં અકસ્માતનો ભય ફેલાયો છે.

આ સમસ્યાને લઈને એરિયાના જાગૃત નાગરિક જૈનિલ વ્યાસે મહેસાણા નગરપાલિકાના કમિશનરને રજૂઆત કરી છે. તેમણે માંગ કરી છે કે રખડતા ઢોરની સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવામાં



**રખડતા ઢોરની સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવા માંગ : જાગૃત નાગરિક જૈનિલ વ્યાસે નગરપાલિકા કમિશનરને રજૂઆત કરી**

આવે, જેથી નાગરિકોને રાહત મળે અને સંભવિત અકસ્માતો ટળે. સ્થાનિક લોકો પણ આ સમસ્યાને લઈને ચિંતિત છે અને નગરપાલિકા તરફથી તાત્કાલિક પગલાંની અપેક્ષા રાખે છે.




# કાયદાઓનો દુરુપયોગ, કોર્ટની ટિપ્પણીઓમાંથી શીખવા જેવા પાઠ

દહેજ ઉત્પીડન કેસની સુનાવણી કરતી વખતે દિલ્હી હાઈકોર્ટની ટિપ્પણીઓ દર્શાવે છે કે દહેજ વિરોધી કાયદાનો કેવી રીતે દુરુપયોગ થઈ રહ્યો છે. આ પહેલીવાર નથી જ્યારે કોઈ ઉચ્ચ અદાલતે આ કાયદાના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હોય અથવા તેની ટિપ્પણીઓથી રાષ્ટ્રીય ધ્યાન ખેંચ્યું હોય.

દિલ્હી હાઈકોર્ટની જેમ, અન્ય ઉચ્ચ અદાલતોએ પણ આવી જ ટિપ્પણીઓ કરી છે. કેટલાક કિસ્સાઓમાં, સુપ્રીમ કોર્ટે પણ સમાન અવલોકનો કર્યા છે. તેની સમક્ષ એક કેસની સુનાવણી કરતી વખતે, દિલ્હી હાઈકોર્ટે માત્ર ખોટા દહેજ ઉત્પીડન ૈંઇ રદ કરવાનો આદેશ આપ્યો ન હતો, પરંતુ ખોટા દહેજ ઉત્પીડન કેસોમાં ફસાયેલા લોકોને રક્ષણ આપવા માટે અદાલતોની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

શું બધી અદાલતો પાસેથી તેના અવલોકન પર ધ્યાન આપવાની અને દહેજ પ્રતિબંધ કાયદાના દુરુપયોગને રોકવા માટે સક્રિય રીતે હસ્તક્ષેપ કરવાની અપેક્ષા રાખી શકાય? તેમણે, કારણ કે એવા કિસ્સાઓ બન્યા છે કે ખોટા દહેજ ઉત્પીડનના કેસોમાં ફસાયેલા લોકોએ આત્મહત્યા કરી છે.

ફક્ત દહેજ પ્રતિબંધ કાયદાનો જ દુરુપયોગ થઈ રહ્યો નથી. અન્ય કાયદાઓનો પણ દુરુપયોગ થઈ રહ્યો છે, જેમાં મહિલાઓને ઉત્પીડન અને શોષણથી બચાવવા માટે રચાયેલ ઘણા કાયદાઓનો સમાવેશ થાય છે. દહેજ પ્રતિબંધ કાયદા ઉપરાંત, સૌથી વધુ દુરુપયોગ થતો કાયદો બળાત્કાર વિરોધી કાયદો છે.

ખોટા બળાત્કારના કેસોનો ચાલી રહેલો ટ્રેન્ડ ઓછો થવાના કોઈ સંકેતો બતાવતો નથી. અદાલતોએ પણ આ કાયદાના દુરુપયોગ પર કઠોર ટિપ્પણીઓ જારી કરી છે. એવા કેટલાક કિસ્સાઓ પણ બન્યા છે જેમાં ખોટા બળાત્કારના આરોપો લગાવનારી મહિલાઓને સજા ફટકારવામાં આવી છે.નિઃશંકપણે, ખોટા બળાત્કાર અને દહેજના કેસોનો ઉપયોગ એ નિષ્કર્ષ પર લાવવા માટે કરી શકાતો નથી કે મહિલાઓને દહેજ માટે ઉત્પીડન કરવામાં આવતી નથી અથવા બળાત્કારનો ભોગ બનતી નથી. સત્ય એ છે કે આવી ઘટનાઓ અટકી રહી નથી. આ સંજોગોમાં, કોઈપણ કાયદાના મનસ્વી ઉપયોગને રોકવા માટે પગલાં લેવા જરૂરી છે.દુનિયામાં એવો કોઈ કાયદો નથી જેનો દુરુપયોગ ન થતો હોય, પરંતુ જે કાયદાઓનો દુરુપયોગ વધી રહ્યો છે અને જે ઉત્પીડન અને છેડતીનું સાધન બની ગયા છે, તેમના દુરુપયોગને રોકવા માટે તેમાં કેટલાક સુધારા કરવા જોઈએ. આમ કરતી વખતે, એ ધ્યાનમાં રાખવું જોઈએ કે મહિલાઓને ઉત્પીડનથી બચાવવા માટે ઘડવામાં આવેલા ઘણા કાયદા લિંગ તટસ્થ નથી, અને તેથી, તેમનો દુરુપયોગ વધ્યો છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

**ગાંધીનગર પાસેનાં ગામની યુવતિને ભગાડી જનાર વિધર્મીને આસામથી ઝડપી લેવાયો**

# ગુજરાતમાં લવજેહાદમાં સંડોવાયેલા ગુનેગારોને કાયદાનું ભાન કરાવાશે : ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી

ગાંધીનગર,તા.૧૯

ગુજરાત ધર્મપ્રેમી અને શાંતિપ્રિય રાજ્ય છે અને આ રાજ્યમાં લવ જેહાદ જેવી પ્રવૃત્તિઓને બિલકુલ સ્થાન નથી. નામ બદલીને ભોળી યુવતીઓને ફસાવી લઈ તેને ભગાડી જવાની પ્રવૃત્તિઓ ગુજરાતમાં જરાય ચલાવી નહીં લેવાય. આ પ્રકારના ગુનામાં સંડોવાયેલા એક એક ગુનેગારોને ગુજરાત પોલીસ કાયદાનું ભાન કરાવશે.તેની સામે કડકમાં કડક પગલા લેશે તેમ જણાવીને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આસામથી આવા એક ગુનાના આરોપીને ગણતરીના દિવસોમાં શોધી લેનાર



ગાંધીનગર જિલ્લા પોલીસની સમગ્ર ટીમને આ સમગ્ર ઓપરેશન પાર પાડી ગાંધીનગરની દીકરીને તેના પરિવારને સોંપવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

ગાંધીનગર પોલીસે એક સનસનીખેજ ઓપરેશન પાર પાડીને આસામથી આ આરોપીને શોધી પાડી યુવતીને સુરક્ષિત પરત લાવી તેના પરિવારને સોંપી છે. ગાંધીનગર જીલ્લા પોલીસની ટીમોએ એક અઠવાડિયા સુધી આસામના જુદા જુદા જિલ્લાઓમાં આરોપીને શોધ્યો હતો. યુવતીને ભગાડીને વિધર્મી આરોપી આસામ પહોંચી ગયો હતો.

ત્યાર બાદ ત્યાં જઈને તે મોબાઈલ ફ્લાઈટ મોડ કરીને માત્ર વાઈફાઈથી વોટ્સએપ કોલિંગનો ઉપયોગ કરતો હોવાથી તેનું લોકેશન ટ્રેસ કરવું ખૂબ અઘરું હતું. તેમ છતાં આસામના જિલ્લાઓ ખૂંદીને હ્યુમન ઈન્ટેલિજન્સ તથા ટેક્નિકલ સર્વેલન્સના સહારે ગાંધીનગર જીલ્લાની એલસીબી અને સેક્ટર ૭ પોલીસની ટીમે તેને શોધી કાઢી યુવતીને પરિવારજનોને પરત કરવાની કાર્યવાહી કરી છે.

**ગ્રામજનોને પ્રાકૃતિક કૃષિ અપનાવી અન્યોને પણ પ્રેરણા પૂરી પાડવા આહવાન કર્યું**

# રાજયપાલે સતલાસણાના જશપુરીયા ગામના ગ્રામજનો સાથે રાત્રિસભા યોજી પ્રાકૃતિક ખેતીના ફાયદા વર્ણવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના જશપુરીયાના ગ્રામજનો સાથે રાત્રિ સભા યોજી પ્રાકૃતિક ખેતીના ફાયદા વર્ણવતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ઝેરમુકત ખેતી થકી ધરતી માતાની સેવા કરવા આહ્વાન કર્યું હતું.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજયમાં પ્રાકૃતિક કૃષિની ઝુંબેશ ખેડૂતોએ સહર્ષ ઉપાડી લીધી છે, ત્યારે પ્રાકૃતિક કૃષિલક્ષી વિવિધ યોજનાઓનો લાભ મેળવી જમીનને વધુ સમૃદ્ધ બનાવવા માટે રાજ્યપાલશ્રીએ હાંકલ કરી હતી.

આવનારી ભાવિ પેઢીને ફળદ્રુપ જમીનનો વારસો આપવા સાથે, પ્રકૃતિનું જતન સંવર્ધન અને શિક્ષણના સંસ્કાર આપવાનું આહવાન કરતા રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભાવિ પેઢીના ઉદ્ધાર માટે વ્યસનમુક્ત સમાજ નિર્માણ ઉપર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત તેમણે પોતાની ગાયનું ઉદાહરણ આપી વધુ દૂધ આપતી ગાયની ઓલાદો વિકસાવવા જણાવ્યું હતું.

આ તકે રાજ્યપાલશ્રીએ વડાપ્રધાનશ્રીના જન્મદિવસથી શરૂ થયેલા ‘સ્વસ્થ નારી, સશક્ત પરિવાર‘ અભિયાનનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ અભિયાન અંતર્ગત તમામ સરકારી હોસ્પિટલોમાં મહિલાઓના નિદાન માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે મહિલાઓને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સરકારી હોસ્પિટલમાં જઈ નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તેઓ રાજ્યના વિવિધ તાલુકાઓના ગામડાઓમાં જઈને પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લેશે. તેમણે ઉપસ્થિત ખેડૂતોને રાસાયણિક ખેતીને જાકારો આપીને પ્રાકૃતિક કૃષિ માટે સંકલ્પબદ્ધ કર્યા હતા.

સાથે જ અન્ય ખેડૂતોને પણ માનવજાતની સેવા માટેના આ મહાયજ્ઞમાં જોડવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ રાત્રિ સભામાં ખેરાલુ ધારાસભ્યશ્રી સરદારભાઈ ચૌધરી, જિલ્લા કલેકટર શ્રી એસ.કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેકટર શ્રી જશવંત કે. જેગોડા, સરપંચ શ્રી રાજેન્દ્ર ચૌધરી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે. તમને શાસન સત્તાનો ટેકો મળશે અને ભવિષ્યમાં તમને તેમનો સારો લાભ મળશે.

**વૃષભ:** આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારો સ્વભાવ પ્રેરણાદાયક રહેશે.

**મિથુન:** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

**કર્ક:** અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

**સિંહ:** જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે. વ્યવસાયની દિશામાં કરવામાં આવેલા સકારાત્મક પરિવર્તનથી તમને સફળતા મળશે અને વિરોધીઓની વાતોથી તમને મુક્તિ મળશે.

**કન્યા:** તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

**તુલા:** લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. શરૂઆતમાં થોડા અવરોધ ઊભા થશે પણ અંતે દરેક જણ તમારી સાથે સહમત થતા જોવા મળશે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો.

**વૃશ્ચિક:** વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે.

**ધન:** વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

**મકર:** તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં જે અવરોધ નડે છે તેનો અંત આવશે, પરંતુ સ્વાસ્થ્ય પ્રત્યે ઉદાસીનતા ના બનો. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

**કુંભ:** ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે. પરિવારને સમાધાન માટે સમય મળી શકશે.

**મીન:** ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઇફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે.

## ફિલ્મી ગપશપ

**શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની**

# વેબસીરીઝ બોલિવુડ માટે એક મનોરંજક લવ લેટર જેવું



સુપરસ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાને તેની દિગ્દર્શક તરીકેની વેબ સિરીઝ બેડ્સ ઓફ બોલિવૂડથી ડેબ્યુ કર્યું છે. તેમની આ સિરીઝ બોલિવૂડમાં નેપોટિઝમ, ડ્રગ્સ, કોન્ટ્રાક્ટ અને પાવર ગેમ્સ જેવાં લોકપ્રિય મુદ્દાઓને રમૂજી અને વ્યંગ્યાત્મક રીતે બતાવે છે.

વાર્તાનો નાયક આસમાન સિંહ (લક્ષ્ય) આર્યનના પિતા શાહરૂખ ખાનની જેમ દિલ્હીનાં એક સામાન્ય ઘરમાંથી અભિનેતા બનવા આવે છે. નિર્માતા ફ્રેડી સોડાવાલાની (મનીષ ચૌધરી) નજર તેનાં પર પડે છે અને તેની પહેલી જ ફિલ્મ સુપરહિટ બને છે. ફિલ્મની સકસેસ પાર્ટીમાં ફ્રેડી આસમાન સાથે ત્રણ ફિલ્મોનો કોન્ટ્રાક્ટ સાઈન કરે છે, ત્યારે કરણ જોહર એને ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર અજય તલવાર (બોબી દેઓલ)ની પુત્રી કરિશ્મા (સહર બામ્બા) સાથે ફિલ્મની ઓફર કરે છે.

જો કે અજય પોતાની પુત્રીને નવા છોકરા સાથે લોન્ચ કરવાથી ખુશ નથી. ત્યારબાદ આસમાનની દુનિયામાં ઉથલપાથલ અને અજય સિંઘ જેવા સ્ટાર સાથે ટક્કર શરૂ થાય છે. આવી સ્થિતિમાં, આસમાન સુપરસ્ટાર બને છે કે નહીં તે આ શ્રેણી જોઈને ખબર પડશે.

આ સિરીઝ વાસ્તવમાં બોલિવૂડ માટે એક રમૂજી લવ લેટર છે. વાર્તા કંઈ ખાસ ન હોવા છતાં, પટકથા મનોરંજક છે. ડાયલોગ્સ પણ પાવરફુલ છે. આર્યનના દિગ્દર્શનમાં પણ પરિપક્વતા છે. તેણે ચાલાકીથી કાલ્પનિક અને વાસ્તવિકતાનું મિશ્રણ કર્યું છે. આર્યને કથિત ડ્રગ કેસમાં ધરપકડ થવાની પોતાની પ્રખ્યાત ઘટનાને પણ સ્પૂફ તરીકે મૂકી છે.

બધાં કલાકારોએ પણ સરસ કામ કર્યું છે. લક્ષ્ય સંપૂર્ણ હીરો સામગ્રી છે. રાઘવ જુયાલ તેના મિત્ર પરવેઝની ભૂમિકામાં મેળાને લૂંટી લે છે. બાકીનાં કલાકારોમાં સહાર બામ્બા, અન્યા સિંહ, બોબી દેઓલ, મોના સિંહ, કરણ જોહર, મનીષ ચૌધરી, મનોજ પાહવા બધાં તેમનાં અભિનયથી શ્રેણીને મજબૂત બનાવે છે. રણવીર સિંહ, ઈમરાન હાશ્મી, આમિર ખાન, શાહરૂખ ખાન, એસએસ રાજામૌલી, સલમાન ખાન જેવી હસ્તીઓના કેમિયો પણ મોટા પ્લસ પોઈન્ટ છે. હા, ગાળોને થોડો ઓછી રાખી હોત તો વધુ સારું હોત, પરંતુ આ શ્રેણી તે બધાને એક સાથે લઈને મનોરંજનની કસોટીને પૂર્ણ કરે છે.

**અમદાવાદ પ્લેન ક્રેશ : બોઈંગ અને હનીવેલ કંપની પર અમેરિકામાં કેસ**

# વિમાનની ડિઝાઈનમાં જોખમની જાણ હોવા છતા બેદરકારી રખાયાનો આરોપ

અમદાવાદ,તા.૧૮

જૂન, ૨૦૨૫માં બનેલી એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ની ભયાનક દુર્ઘટનામાં ૨૬૦થી વધુ લોકોનાં મોત થયા હતા. આ ઘટના માત્ર એક દુર્ઘટના નહોતી, પરંતુ સુરક્ષા પ્રણાલીઓમાં રહેલી ખામીઓનો ચોંકાવનારો પુરાવો હતી, જેને લીધે મૃતકોના પરિવારોએ હવે અમેરિકા સ્થિત વિમાન નિર્માતા કંપની ‘બોઈંગ‘ અને વિમાનના પાર્ટ્સ બનાવતી કંપની ‘હનીવેલ‘ સામે કાનૂની મુકદ્દમો દાખલ કર્યો છે.

આ કેસ ફકત નાણાકીય વળતર માટે નથી કરાયો, પણ કંપનીઓને તેમની જવાબદારીનું ભાન થાય અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને એ માટેનો છે.પરિવારોના દાવા અનુસાર વિમાનના ઈંધણ સ્વીચોમાં ખામી રહેલી હતી.

પ્રારંભિક તપાસમાં પણ જાણવા મળ્યું હતું કે, સ્વીચ ‘રન‘થી ‘કટ-ઓફ‘ સ્થિતિમાં ખસી જતાં એન્જિનને જરૂરી ઈંધણ મળ્યું નહીં. પરિણામે વિમાનને મળતો થ્રસ્ટ બંધ થઈ ગયો અને વિમાન ધરાશાયી થઈ ગયું. આમ વિમાનની ડિઝાઈનમાં રહેલી ખામીને લીધે આ ઘાતક દુર્ઘટના સર્જાઈ હતી.

૨૦૧૮માં અમેરિકાની ફ્છ્છ(ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન)એ ઓપરેટરોને ઈંધણ સ્વીચના લોકીંગ મિકેનિઝમનું નિરીક્ષણ કરવાની સલાહ આપી હતી. પરંતુ, આ સલાહને ફરજિયાત બનાવવામાં આવી નહોતી.

તેથી મૃતકોના પરિવારો આક્ષેપ કરે છે કે બોઈંગ અને હનીવેલે જોખમ જાણ્યા છતાં જરૂરી ફેરફાર કર્યા નહીં. એવું કહેવામાં આવે છે કે કંપનીઓએ ન તો એરલાઈન્સને પુરતી ચેતવણી આપી હતી, ન તો વિકલ્પ રૂપે નવા પાર્ટ્સ ઉપલબ્ધ કરાવ્યા હતા.

કોર્ટ કેસ કરનાર પરિવારોનું કહેવું છે કે, બોઈંગ અને હનીવેલે વ્યવસાયિક લાભને પ્રાથમિકતા આપીને મુસાફરોની સલામતી સાથે સમાધાનકારી વલણ અપનાવ્યું હતું. સલામતીના મુદ્દે ગંભીર પગલાં ભરવાના બદલે તેમણે માત્ર એક આછીપાતળી સલાહ આપી દીધી હતી. તેમની આવી કોર્પોરેટ બેદરકારી હવે કાનૂની પડકાર રૂપે તેમના સામે ઊભી થઈ છે.

**પશ્ચિમ રેલ્વે વડોદરા વિભાગ**

TSR(P) TRT દ્વારા ૫૫.૦૦૦ KMS. ૨.૫૪૮ KMS મેન્યુઅલી અને ટ્રેક રિન્યુઅલ વર્ક્સ
ઈ-ટેન્ડર સૂચના નંબર DRM-BRC 123 ઓફ 2025-26

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે સીલબંધ ટેન્ડરો નીચેના કામો માટે ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઉ છ/ઝ), પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા મંગાવવામાં આવે છે. કામનું નામ : વડોદરા ડિવિઝનઃ- TRT દ્વારા TSR (P) ૫૫.૦૦૦ KMS. સિનિયર DEN RMx BRC ના અધિકારક્ષેત્ર હેઠળ ૨.૫૪૮ KMS મેન્યુઅલી અને અન્ય સંકળાયેલ ટ્રેક નવીકરણ કામો. કામની અંદાજિત કિંમત (માં) : ૧૭,૬૯,૫૪,૫૫૯.૧૨, બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશે (માં): ૧૦,૩૪,૮૦૦.૦૦, ટેન્ડર સબમિટ કરવા અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ટેન્ડર ૧૦-૧૦-૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાક પહેલા સબમિટ કરવાના છે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ખોલવાના છે. વેબસાઇટની વિગતો અને સ્થાન માટેની સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય છે તે કાર્યાલયનું સરનામું: વેબસાઇટ @www.ireps.gov.in ડિવિઝનલ રેલ્વે મેનેજર (W A/C), પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૪.

BRC-194

facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - અમદાવાદ વિભાગ**

ઈ-ટેન્ડર સૂચના નં. ૦૫ ૨૦૨૫-૨૬ તારીખઃ ૧૮.૦૯.૨૦૨૫
ટ્રેક મશીનોમાં નાના સમારકામનું કામ થાય છે
ટેન્ડર નંબર CWMCPOHADI2025-26-05
કામનું નામ : CPOH અમદાવાદ ખાતે POH દરમિયાન ટ્રેક મશીનોમાં નાના સમારકામનું કામ.
અંદાજિત NIT ખર્ચઃ ૩,૯૧,૨૨,૫૫૧.૫૫/-
EMD ખર્ચ રૂ.માં : ૩,૪૫,૭૦૦.૦૦/-
ટેન્ડર બંધ કરવાની અને ખોલવાની તારીખઃ ૧૫-૧૦-૨૦૨૫ જ ૧૧:૦૦ કલાકે અને ૧૫-૧૦-૨૦૨૫ જ ૧૧:૧૫ કલાકે.

ADI-165

facebook.com/WesternRly • x.com/WesternRly

# ભાજપમાં ‘લેટરબોમ્બ’, ધારાસભ્યોના ‘બેબાક બોલ’થી રાજ્ય સરકારની ચિંતામાં વધારો થયો!

ગાંધીનગર,તા.૧૯

ગુજરાતમાં હાલમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્રજાના કામો ન થતાં ભાજપના જ ધારાસભ્યો અને સાંસદો મેદાને પડ્યા છે. સરકારની નિષ્ક્રિયતાને કારણે પ્રજામાં વધી રહેલા અસંતોષને લઈ શાસક પક્ષના ધારાસભ્યોએ પત્ર લખીને સરકારની આબરૂ ધૂળધાણી કરી છે. આ ‘લેટરવોર’ એટલો ઉગ્ર બન્યો છે કે સરકાર કે પક્ષ કોઈપણ આ અંગે ખુલીને બોલવા તૈયાર નથી.

ગુજરાતમાં ભાજપની સરકાર અને પક્ષ વચ્ચે સંકલનનો અભાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. ધારાસભ્યો ખુલીને સરકાર વિરોધી નિવેદનો અને રજૂઆતો કરી રહ્યા છે, છતાં કોઈ પણ પ્રકારની કાર્યવાહી થઈ રહી નથી. કુમાર કાનાણી, સંજય કોરઠિયા, યોગેશ પટેલ, કેતન ઈનામદાર, અમુલ ભડ, ડી.કે. સ્વાપી, જે.વી. કાકડિયા, હીરા સોલંકી, મનુભાઈ પટેલ, અભેસિંહ તડવી, હાર્દિક પટેલ, અરવિંદ લાડાણી અને જનક તળાવિયા જેવા અનેક ધારાસભ્યોએ વિવિધ મુદ્દાઓ પર સરકારની નિષ્ક્રિયતા ઉજાગર કરતા પત્રો લખ્યા છે. એકાદ બે નહી, અત્યાર સુધીમાં કેટલાંય ધારાસભ્યો સરકારની નિષ્ક્રિયતા ઉજાગર કરતાં પત્ર લખી ચૂક્યાં છે. પરિણામે સરકારની આબરુ ધૂળધાણી થઈ છે. જેમકે કુમાર કાનાણી : સુરતમાં ખાડી પુરની સમસ્યાનો ઉકેલ નહી આવે તો નાછૂટકે આંદોલનમાં જોડાવવું પડશે.,સંજય કોરઠિયા : કોઈ અધિકારી કામ માટે રૂપિયા માંગે તો મારી પાસે આવજો,યોગેશ પટેલ : જીલ્લા કલેકટર કચેરીઓ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ છે, સરકારનું નિયંત્રણ જ નથી.,કેતન ઈનામદાર : વિધવા બહેનોની જમીનમાં બોગસ ખેડૂતો ઘૂસ્યાં છે છતાં તંત્ર તમાશો જુએ છે,અમુલ ભડઃ ટ્રાફિક પોલીસ મહિલાઓ સાથે અભદ્ર વર્તન કરે છે,ડી.કે.સ્વાપીઃસ્થાનિક હોસ્પિટલમાં દર્દીઓને ગુણવત્તાસભર સારવાર જ મળતી નથી,જે.વી કાકડિયાઃવન વિભાગની નિષ્ક્રિયતાને લીધે બાળસિંહોના મૃત્યુ થયાં,હિરા સોલંકી : સિંહના મૃત્યુ માટે વન વિભાગના અધિકારી જ જવાબદાર છે,મનુભાઈ પટેલ : ગરીબ કારીગરો પાસે લુંટારા દાદાગીરીથી રૂપિયા ઉઘરાવે છે ત્યારે તંત્ર ચૂપ છે,અભેસિંહ તડવી : સરકારી હોસ્પિટલોમાં એક્સ રે મશીનો ધૂળ ખાય છે, આરોગ્ય વિભાગ ડીંગો હાંકે છે,હાર્દિક પટેલ : જો ગટરની સમસ્યાનો હલ નહી આવે તો મારે નાછૂટકે આંદોલનમાં જોડાવવુ પડશે,અરવિંદ લાડાણી : માણાવદરમાં હરતી ફરતી કલબ ધમધમે છે, પોલીસનો મહિને રૂા. ૭૦ હજારનો હપ્તો,જનક તળાવિયા : દામનગર પોલીસ સ્ટેશનથી ૨૦૦ મિટર જુગારધામ છતાંય પોલીસ કઈ કરતી નથી

આ પત્રોમાં મુખ્યત્વે ખાડી પૂર, ભ્રષ્ટાચાર, સરકારી કચેરીઓમાં પૈસા વગર કામ ન થવું, ટ્રાફિક પોલીસનું વર્તન, આરોગ્ય સેવાઓમાં ખામી, વન વિભાગની નિષ્ક્રિયતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ જેવા મુદ્દાઓ સામે આવ્યા છે. આ ઉપરાંત, પૂર્વ સાંસદ નારણ કાછડિયાએ રોડ રસ્તાના કામોમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો છે, જ્યારે સાંસદ મનસુખ વસાવાએ ટેન્ડરોમાં ગોઠવણ થઈ રહી હોવાનો આરોપ મૂક્યો છે. ભાજપને એક શિસ્તબદ્ધ પક્ષ માનવામાં આવે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતાં લાગે છે કે હવે ધારાસભ્યો પક્ષની ‘ધારા’માં રહ્યા નથી. કમલમમાંથી મળતા આદેશોને પણ તેઓ ઘોળીને પી ગયા હોય તેવું જણાય છે. પ્રજાલક્ષી કામો ન થવાને કારણે ધારાસભ્યોની અકળામણ વધી છે, કારણ કે તેમને ‘વિસાવદર’ જેવી પરિસ્થિતિનો ડર સતાવી રહ્યો છે.

આ સંકલનનો અભાવ માત્ર ધારાસભ્યો સુધી સીમિત નથી. મંત્રીઓ અને પક્ષના નેતાઓ પણ ખુલીને બોલી રહ્યા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ‘કાઢી મેલે તો, કાઢી મેલે’ જેવું નિવેદન કર્યું છે, જ્યારે અરુણસિંહ રાણા અને જવાહર ચાવડાએ પણ પક્ષ વિરુદ્ધના નિવેદનો આપ્યા છે. કનુ ડાભીએ તો ત્યાં સુધી કહ્યું છે કે ભાજપમાં પક્ષપલટુંઓનું જ માન છે અને જૂના કાર્યકરોની અવગણના થાય છે. આવી પરિસ્થિતિમાં, સરકાર અને પક્ષ વચ્ચેનો સમન્વય તૂટી ગયો હોય તેવું સ્પષ્ટ જણાય છે. શું આ ‘લેટરબોમ્બ’ ભવિષ્યમાં ભાજપ માટે મુશ્કેલીઓ ઊભી કરશે? તે જોવું રસપ્રદ રહેશે.

# ભારતીય મૅરીટાઈમ સેક્ટર

વિકાસની લહેરો, વિશ્વાસનો આધાર



समुद्र से समृद्धि



મૅરીટાઈમ સેક્ટરની કાયાકલ્પ

માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ્દહસ્તે

### ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

**₹૭,૬૭૦+ કરોડ**

(MoPSW, ભારત સરકાર)ની યોજનાઓ

**ભારતના સમુદ્રી તટીય વિકાસના નવા દ્વાર**

- **શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ઓથોરિટીની 3 યોજનાઓ:** કન્ટેનર ટર્મિનલ (PPP) દ્વારા વેપારને પ્રોત્સાહન, ફ્લોટિંગ LNG ટર્મિનલથી ઊર્જા પુરવઠામાં વધારો તથા બર્થ આધુનિકીકરણથી પોર્ટ કામગીરીમાં કાર્યક્ષમતામાં થશે વધારો.
- **પારાદીપ પોર્ટ ઓથોરિટીની ૪ યોજનાઓ:** નવા ૨ બર્થનું લોકાર્પણ અને હાલના ૨ બર્થનું મશીનીકરણ જેથી કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં થશે વધારો.
- **કામરાજર પોર્ટ લિમિટેડની ૨ યોજનાઓ:** સુરક્ષિત અને સાતત્યપૂર્ણ પોર્ટ કામગીરી માટે HSE અનુસરણ અને સંરચનાને મજબૂત બનાવશે.
- **દીનદયાળ પોર્ટ ઓથોરિટીની ૧૧ યોજનાઓ:** ઉન્નત મૉનિટરિંગ અને સુરક્ષા સિસ્ટમ, ગ્રીન બાયો-મીથેનોલ પ્લાન્ટ, બહુહેતુક કાર્ગો બર્થ, નવી ઓઇલ જેટ્ટી, સિવિલ વર્ક અને બર્થ અપગ્રેડેશન – જે વેપાર અને સ્થિરતામાં સુધારો કરશે.
- **ઇનલેન્ડ વૉટરવેઝ ઓથોરિટી ઑફ ઇન્ડિયા (IWAI)ની 3 યોજનાઓ:** ૨ સ્થળોએ શિપ રિપેરિંગ સુવિધાઓ તથા ૧ ફ્રેઇટ વિલેજ – જે આંતરિક પરિવહન અને લોજિસ્ટિક્સ સિસ્ટમને બનાવશે મજબૂત.
- **ચેન્નાઇ પોર્ટ ઓથોરિટી, મુંબઇ પોર્ટ ઓથોરિટી અને અંદામાન-નિકોબાર હાર્બર વર્કસની ૧-૧ યોજના:** પ્રાદેશિક પોર્ટ સુવિધાઓ અને કનેક્ટિવિટી મજબૂત કરશે.

**₹૨૫,૯૫૪+ કરોડ**

(ભારત સરકાર અને ગુજરાત સરકાર)ની ગુજરાતમાં યોજનાઓ

**રસ્તા, ઊર્જા અને પ્રત્યેક નાગરિકની સુવિધામાં કરશે વધારો**

- **ગુજરાત સરકારની ૧૯ યોજનાઓ:** કનેક્ટિવિટી સુધારવા માટે રસ્તાઓ, સ્વચ્છતા માટે ગટર વ્યવસ્થા, ઉન્નત આરોગ્ય સુવિધાઓ, તટીય સુરક્ષા માટે સી-વોલ્સ અને સ્વચ્છ ઊર્જા માટે સોલર પ્રોજેક્ટ્સ.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની ૨ યોજનાઓ:** ઊર્જા સુરક્ષા માટે રીગેસિફિકેશન ટર્મિનલ અને ઔદ્યોગિક ઉત્પાદન વધારવા માટે એકેલિક્સ/ઓક્સો આલ્કોહોલ પ્રોજેક્ટ.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની 3 યોજનાઓ:** સુરેન્દ્રનગર અને વડોદરામાં ૨ સોલર ઊર્જા પ્રોજેક્ટ્સ તથા PM-કુસુમ ફીડર લેવલ સોલરાઇઝેશન – ગ્રામ્ય વીજ પુરવઠાને સશક્ત બનાવશે.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની 3 યોજનાઓ:** ૨ મોટા સોલર પ્રોજેક્ટ (300 મેગાવૉટ અને ૬00 મેગાવૉટ) તથા ૧ પવન ઊર્જા પ્રોજેક્ટ (૫0 મેગાવૉટ) – નવીન ઊર્જા ઉત્પાદન વધારવા માટે.
- **ઊર્જા મંત્રાલયની 3 યોજનાઓ:** ખાવડા સોલર પાર્કનો વિકાસ – 3 વિસ્તારોમાં સ્વચ્છ ઊર્જા ક્ષમતામાં થશે વધારો.
- **માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની ૨ યોજનાઓ:** ગ્રામ્ય વિસ્તારમાં રોડ કનેક્ટિવિટીથી ગુજરાત ગતિશીલતામાં અગ્રેસર

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સર્બાનંદ સોનોવાલ**
માનનીય કેન્દ્રીય મંત્રી
પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ, ભારત

**શ્રી મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી
શ્રમ અને રોજગાર, યુવક બાબતો અને રમતગમત, ભારત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય મંત્રી
જળશક્તિ, ભારત

**અતિથિ વિશેષ**

**શ્રી શાંતનુ ઠાકુર**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી
પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ, ભારત

**શ્રીમતી નિમુબેન જે. બાંભણિયા**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી
ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ, ભારત



૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવાર | સવારે ૦૯:00 વાગે | જવાહર ગ્રાઉન્ડ, ભાવનગર, ગુજરાત


જીવંત પ્રસારણ: DD News | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat

## હવામાન વિભાગ તેમજ હવામાન નિષ્ણાંત દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે

# રાજ્યમાં નવરાત્રી ઉપર ઝડપી પવન સાથે મધ્યમ વરસાદ થવાની આગાહી : ખૈલૈયાઓમાં ચિંતાનો માહોલ છવાયો

અમદાવાદ, તા. ૧૯

રાજ્યમાં નવરાત્રીને લઈ ખેલૈયાઓ દ્વારા તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરમાં અનેક જગ્યાએ ગરબા ક્લાસીસ પણ શરૂ થઈ જવા પામ્યા છે. રાજ્યમાં નવરાત્રી દરમ્યાન હવામાન વિભાગ તેમજ હવામાન નિષ્ણાંત દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે.



રાજ્યમાં નવરાત્રીના સમયમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા નવરાત્રી દરમ્યાન વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૨ નવેમ્બર સુધીમાં હળવો વરસાદ પડવાની શક્યતા અંબાલાલ પટેલે વ્યક્ત કરી છે. તેમજ નવરાત્રીની શરૂઆતમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગ અનુસાર આગામી ૭ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૫ દિવસ રાજ્યના કેટલાક ભાગોમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. અરબ સાગરમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાથી ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે.

## યુનિક-યુના વિદ્યાર્થીઓ દ્વારા 'જાતે શીખતા થવું' થીમ પર શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી

(ગરવી તાકાત) ઈડર તા.૧૯

તાજેતરમાં યુનિક-યુ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ×જાતે શીખતા થવું× થીમ પર શિક્ષકદિનની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્કૂલના ૧૧૩ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોના શિક્ષક તરીકે પોતાની જવાબદારી નિભાવી અને પોતાનું જ્ઞાન સહપાઠીઓ સાથે વહેંચ્યું હતું.



યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીનું પ્રતિમાન કેન્દ્ર છે. દીનાનાથ બત્રા શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના પ્રમુખ છે. તેમના શિક્ષક તરીકેના ગુણો તથા તેમને શિક્ષણ ક્ષેત્રે આપેલ યોગદાન વિશે બાળકો દ્વારા વ્યક્તવ્ય રજૂ કરવામાં આવ્યુ હતું.

જેનાથી વિધાર્થીઓ સમજણપૂર્વક કારકિર્દીની પસંદગી કરે. શિક્ષક તરીકેની કારકિર્દી અને રાષ્ટ્ર ઘડતરમાં જે યોગદાન છે તેની સારી રીતે સમજ આજના દિને આપવામાં આવી હતી.

આ કાર્યક્રમનું આયોજન આચાર્ય તરીકે મૃણાલી પટેલ, વાઈસ પ્રિન્સિપાલ ક્રિષ્ના નાયક, એકેડેમીક કો-ઓર્ડિનેટર જીયા પ્રજાપતિ અને એડમિન કો-ઓર્ડિનેટર અંશ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે પોતાની શૈલી, આત્મવિશ્વાસ અને પ્રસ્તુતિ કૌશલ્યનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા વિકસાવવી અને તેમને શિક્ષકના દાયિત્વની અનુભૂતિ કરાવવી. દરેક વિદ્યાર્થી ઉત્સાહપૂર્વક શિક્ષકની ભૂમિકા ભજવી રહ્યા હતા.

કાર્યક્રમના અંતે શ્રેણી મુજબ દરેક 'વિદ્યાર્થી શિક્ષક'ને શાળા તરફથી ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ યાદગાર દિવસે યુનિક-યુ સ્કૂલે સાચા અર્થમાં 'શિક્ષકદિન'નો ઉત્સવ ઊજવણીના રૂપમાં અનોખી રીતે ઉજવ્યો હતો.

## સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં 'પોષણ માસ-૨૦૨૫'ની ઉજવણીના સુચારૂ આયોજન માટે બેઠક

(ગરવી તાકાત) ઈડર તા.૧૯

સાબરકાંઠા જિલ્લા પંચાયત હિંમતનગર ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરાની અધ્યક્ષતામાં ૮ મા પોષણ માહની ઉજવણીના સુચારૂ આયોજન અંગે અમલીકરણ અધિકારીઓની બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ જણાવ્યું કે, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં 'પોષણ માસ'નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પોષણ માસની થીમ સ્થૂળતા બાબતે જાગૃતિ ખાંડ અને તેલનો વપરાશ ઘટાડવો છે. કુપોષણ, અલ્પપોષણ અને અતિપોષણના વધતા બેવડા ભારનો સામનો કરવા માટે જાગૃતિ અને નિવારણ પ્રથાઓને પ્રોત્સાહન, પ્રારંભિક બાળ સંભાર અને શિક્ષણ પોષણ ભી પઢાઈ ભી, શિશુ અને નાના બાળકોને ખોરાક આપવાની પદ્ધતિઓ, પુરુષોની સહભાગીતા, વોકલ ફોર લોકલ એટલે કે સ્થાનિક ખાદ્ય પ્રથાઓ અપનાવી જેવી બાબતો અંગે જાગૃતિ ફેલાવા કાર્યક્રમ કરવા જણાવ્યું હતુ. વધુમાં ઉમેર્યુ કે, આદિજાતિ વિસ્તારમાં કુપોષણ ની સમસ્યા વધુ છે. આ નિવારણ માટે ખાસ પ્રયાસ થવા જોઈએ. આ ઉજવણી અંતર્ગત કિશોરીઓને કુપોષણ અને એનિમિયા જેવા આરોગ્ય સંબંધિત મુદ્દાઓની જાણકારી આપી તેમને પોષણના મહત્ત્વ વિષે જાગૃત કરવામાં આવી હતા.તેમજ ટેક હોમ રાશન અને 'શ્રીઅન્ન'ના મહત્વ વિશે સમજણ આપવામાં આવી હતી. 'પૂર્ણા શક્તિ'માંથી વિવિધ પૌષ્ટિક વાનગીઓ બનાવી તેનું પ્રદર્શન કરવા, આરોગ્ય તથા શિક્ષણ શાખાની સહભાગિતાથી કિશોરીઓને આરોગ્ય વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં પુરવઠા અધિકારીશ્રી મૌલિક ડાંગા, આઈ.સી.ડી.એસ. અધિકારીશ્રી, રોજગાર અધિકારીશ્રી તેમજ અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વગર વરસાદે ઇડરના રેલવે બ્રિજમાં પાણી ભરાયુ

## વાહન ચાલકો ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા.. તંત્રની ગોર બેદરકારી

(ગરવી તાકાત) ઈડર તા.૧૯

ઈડર શહેર માં બસ સ્ટેન્ડ પાસે રેલ્વે અંડર બ્રિજ બનાવવા માં આવેલ છે આ અંડર બ્રિજ માં ચોમાસા દરમિયાન તો પાણી ભરાઈ જાય છે ત્યારે વાહન ચાલકો ને તકલીફ પડે છે પરંતુ હમણાં કોઈ વરસાદ પડેલ નથી છતાં તંત્ર ની બેદરકારી સામે આવી છે ગટર નું ગંદુ પાણી આ અંડર બ્રિજ માં ભરાઈ ગયું છે આવા ગંદા પાણી માંથી વાહન ચાલકો ને પસાર થવા મજબૂર થવું પડે છે તંત્ર આ વાહન ચાલકો ની તકલીફ જોઈ યોગ્ય પગલાં લે તેવી વાહન ચાલકો ની ઉગ્ર માંગ છે.



## પાલનપુરના વેડંચામાં સર્વરોગ નિદાન અને રક્તદાન કેમ્પ યોજાયો : ૧૨ ગામના ૪૩૧ નાગરિકોને આરોગ્ય સેવાઓનો લાભ મળ્યો

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૯

પાલનપુર તાલુકાના વેડંચા ખાતે ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને સર્વરોગ નિદાન અને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાન અંતર્ગત આ કેમ્પ યોજાયો હતો, જેમાં ૧૨ ગામના ૪૩૧ નાગરિકોને આરોગ્ય સેવાઓનો લાભ મળ્યો હતો.



આ કેમ્પમાં કુલ ૪૩૧ લોકોના આરોગ્યનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ૭૫ યુવાનો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું, જે દેશ સેવામાં તેમના યોગદાનને દર્શાવે છે. કુલ ૧૨૪ લેબોરેટરી ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બનાસકાંઠા તથા તાલુકા આરોગ્ય કચેરી, પાલનપુરના ઉપક્રમે યોજાયો હતો.

કેમ્પ દરમિયાન ૪૪ લોકોને પી.એમ.જે.એ.વાય (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના) અને વય વંદના યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો.તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. દીપક અનાવાડીયાના માર્ગદર્શન હેઠળ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વેડંચાના મેડીકલ ઓફિસર ડૉ. એન. જી. પટેલ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું સંચાલન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં વિવિધ વિભાગોમાં સેવાઓ પૂરી પાડવામાં આવી હતી, જેમાં જનરલ મેડીસીન વિભાગમાં ૨૧૪, સ્ત્રીરોગ વિભાગમાં ૭૧, આંખ રોગ વિભાગમાં ૧૧૯, બાળરોગ વિભાગમાં ૨૪ અને કેન્સર રોગ વિભાગમાં ૦૩ લાભાર્થીઓ સહિત કુલ ૪૩૧ લાભાર્થીઓને સેવાઓ મળી હતી.

## ખેરાલુ ખાતે બહુસ્તરીય કૃષિ પદ્ધતિના ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-મહેસાણા, એમ.વી. એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ-મંદ્રોપુર તથા કૃષિ અને ગ્રામ વિકાસ પ્રભાગ, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે બહુસ્તરીય કૃષિ પદ્ધતિના ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન ખેરાલુ ખાતે માણેકબા ફાર્મમાં યોજાયું હતું.



આ તાલીમ કાર્યક્રમનો આરંભ મહેસાણા દૂધસાગર ડેરી ચેરમેનશ્રી શ્રી અશોકભાઈ ચૌધરીના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું અધ્યક્ષપદ કૃષિ તથા ગ્રામ વિકાસ પ્રભાગ (ઈઈઈ઼)ની રાષ્ટ્રીય અધ્યક્ષ બ્રહ્માકુમારી સરલાદીદીએ સંભાળ્યું હતી જેમાં તા. ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ ચાલેલ આ તાલીમમાં બહુસ્તરીય કૃષિ પદ્ધતિના જનક શ્રી આકાશ ચોરાશિયાજી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રાકૃતિક ખેતીના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો તથા ખેડૂતોને બહુસ્તરીય કૃષિ પદ્ધતિ અપનાવીને ટકાઉ કૃષિ ઉત્પાદન તરફ આગળ વધવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

## વિશ્વ રેબીઝ દિવસ-૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

નૂતન કોલેજ ઓફ નર્સિંગ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, દ્વારા વિશ્વ રેબીઝ દિવસ – ૨૦૨૫ નિમિત્તે કમાણા ગામ ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત નર્સિંગ વિદ્યાર્થીઓએ આ વર્ષની વિશ્વ રેબીઝ ડે ની થીમ "હું, તું અને સમાજ – અત્યારે કામ કરો" વિષય પર માર્ગનાટક (Stre[a] Play) રજૂ કર્યુ. આ નાટક દ્વારા રેબીઝ એટલે કે હડકવા રોગ અંગે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી, જેમ કે : ●કૂતરા કે બિલાડી કરડે ત્યારે તરત જ ઘા સાબુથી ધોવું,●વિલંબ વગર હોસ્પિટલ જવું અને સમયસર રસીકરણ કરાવવું, ● પાળતુ પ્રાણીઓને દર વર્ષે રસી આપવી, ●સમાજમાં જાગૃતિ ફેલાવવી.વિદ્યાર્થીઓએ તાળીઓ અને સ્લોગન દ્વારા સંદેશ આપ્યો કે "Act Now: You, Me, Community" – રેબીઝ એટલે કે હડકવા મુક્ત વિશ્વ બનાવવા સૌને એક થવું જરૂરી છે. આ કાર્યક્રમ સામુદાયિક આરોગ્ય નર્સિંગ વિભાગ, નૂતન કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.



સમગ્ર કાર્યક્રમ બધા માટે ખુબ જ અસરકારક રહ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિષેશ સરપંચ હેમતુજી કોડારજી ઠાકોર, કમાણા ગામ, વિસનગર હાજર રહ્યા હતાં તેમજ નૂતન કૉલેજ ઑફ નર્સિંગના ફેકલ્ટી એ.પ્રો. અમી બડગુજર અને દિશા પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. સ્થાનિક ગ્રામજનો તથા સમાજના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓના આ પ્રયાસની પ્રશંસા કરી અને જણાવ્યું કે આવા કાર્યક્રમો સમાજમાં આરોગ્ય જાગૃતિ લાવવા માટે અત્યંત જરૂરી છે.

આ કાર્યક્રમ ના આયોજન બદ્દલ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણયમએ સામુહિક આરોગ્ય નર્સિંગ ના હેડ પ્રો. બ્યુલા મેડમ નો આભાર વ્યક્ત કર્યો હતો. જે બદલ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી, નૂતન કૉલેજ ઑફ નર્સિંગના પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણયમ, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. મહાલક્ષ્મી મેડમ, પ્રો. બ્યુલા મેડમ તેમજ તમામ ફેક્લટીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં અને વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

## સંક્ષિપ્ત સમાચાર

### મહેસાણા ખાતે મરણ ગયેલ હાલતમાં મળી આવેલ અજાણ્યા પુરૂષની લાશ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા શહેર 'બી' ડીવી. પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર. બી. ચૌહાણની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર મહેસાણા શહેર 'બી' ડીવી. પો.સ્ટે. અ. મોત નંબર ૧૭/૨૦૨૫ બી. એન. એસ કલમ.૧૯૪ તા.૦૮/૦૯/૨૦૨૫ ના કામે મરણજનાર એક અજાણ્યો પુરુષ ઉ.વ.આ.૪૦ નો તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ મહેસાણા શહેર મોઢેરા ચોકડી ખાતે હબ ટાઉન જવાના રોડ ઉપર ક. ૧૬/૨૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે મરણ થઈ ગયેલ હોય જે મરણ જનારે બદને ખુલ્લુ તથા કમરે વાદળી કલર જેવું જીન્સ પેન્ટ પહેરેલ હતું અને મધ્યમ બાંધાનો પુરુષ જેના વાલી વારસા મળી રહે તો તેમજ જો કોઈ વ્યક્તિ જાણતી હોય તો મહેસાણા શહેર પોલીસ સ્ટેશન અને મહેસાણા કંટ્રોલરૂમ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા વિનંતી. તેમની માહિતી સરનામું ગુપ્ત રાખવામાં આવશે.

### સાબરકાંઠા જિલ્લામાં માર્ગ મકાન વિભાગ દ્વારા જિલ્લામાં રોડ પર ડામર પેચવર્કની કામગીરી કરાઈ

(ગરવી તાકાત) ઈડર તા.૧૯

ચોમાસામાં વરસાદના પરિણામે અસરગ્રસ્ત થયેલા માર્ગોના સમારકામ માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અન્વયે સાબરકાંઠા જિલ્લામાં માર્ગ મકાન વિભાગ દ્વારા જિલ્લામાં રોડ પર ડામર પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રીની સૂચના અન્વયે જિલ્લામાં ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારમાં વિવિધ રોડ-રસ્તાના સમારકામ સહિતની કામગીરી યુધ્ધનાં ધોરણે કરવામાં આવી રહી છે.

### બનાવટી કંપનીના નામે સીમ કાર્ડ ઈશ્યુ કરાવી સાયબર ગેંગને સીમકાર્ડ આપતા બે શખ્સો ઝડપાયા

અમદાવાદ,તા.૧૯

બનાવટી કંપનીના નામે સીમ કાર્ડ ઈશ્યુ કરાવી ડિજીટલ એરેસ્ટ જેવા ગંભીર ગુના આચરતી ચાઈનીઝ ગેંગને સીમકાર્ડ આપતા બે શખ્સોની સાયબર ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે.

આ કેસની વિગત મુજબ ફરિયાદીને અજાણ્યા મોબાઈલ નંબરથી કોલ કરીને તમારા બેંક એકાઉન્ટનો ઉપયોગ મનીલોન્ડ્રીંગમાં થયો છે કહીને સુપ્રીમ કોર્ટનું નકલી સમન્સ મોકલ્યું હતું. ત્યારબાદ વિડીયો કોલ કરીને ૨૪ કલાક ડિજીટલ એરેસ્ટ રાખીને રૂ. ૮૬,૨૨,૦૦૦ બળજબરીથી પડાવી લીધા હતા. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

જેને આધારે પોલીસે તપાસ કરતા મહારાષ્ટ્રના ઋષીકેશ ઉર્ફે ઋષભ ભાલચંદ જયકર અને મુળ કર્ણાટક અને મુબઈ નજીકના થાણેમાં રહેતા સુરેશ રાજુભાઈ ગુડીમની પન્ના ડિસ્ટ્રિક્ટ જેલમાં હોવાનું જણાતા પોલીસે બન્નેની અટક કરીને વધુ તપાસ હાથ ધરી છે.

તપાસમાં આરોપી ઋષીકેશ તથા સુરેશે અન્ય વ્યક્તિના નામે સ્ટાર મલ્ટી સોલ્યુશન નામની કંપની ખોલીને આશરે ૫૫૦ જેટલા સીમ કાર્ડ લઈને આ તમામ સીમ કાર્ડ એચ આર ડેનીના કહેવાથી તેના માણસને મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આપ્યા હોવાનું બહાર આવ્યું હતું. તે સિવાય અમુક બ્લેક સીમ કાર્ડને સ્વાઈપ કરીને રી-એક્ટીવેટ કરાવીને અંદાજે ૨૫૦૦ થી વધુ સીમ કાર્ડ આપ્યા હતા.આરોપી ઋષીકેશે મેકાટ્રોનિક્સ (રોબોટિક્સ)એન્જીનિરીંગનો અભ્યાસ કરેલો છે.

### ઇડર ડાયટ ખાતે 'આદિ કર્મયોગી વિશેષ' અભિયાન અન્વયે બે દિવસીય તાલીમ યોજાઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

ભારત સરકાર દ્વારા ધરતીઆબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA-JGUA)ના ભાગરૂપે Aadi karmyogi Responsive Governance Programme જાહેર કર્યો છે.

જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકામાં ડાયટ ખાતે આદિ કર્મયોગી વિશેષ અભિયાન અંતર્ગત ઈડર, હિંમતનગર અને વડાલી એમ ત્રણ તાલુકાની બે દિવસીય બ્લોક પ્રોસેસ લેબની શરૂઆત કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાંથી આદિ કર્મયોગી અભિયાન માટે કુલ સાત અધિકારીઓની ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર (DMT) ની નિમણુંક કરાઈ છે.

આદિ કર્મયોગી અભિયાન ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન છે.

આ અભિયાનનો હેતુ ૨૦ લાખ આદિવાસી પરિવર્તન નેતાઓની કેડર વિકસાવવાનો છે.

આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય કક્ષાના આદિ કર્મયોગીઓને તાલીમ આપવામાં આવી હતી. તેમજ વિલેજ એકશન પ્લાન કેવી રીતે બનાવવો તે અંગે વિસ્તારે માર્ગદશન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં હિંમતનગર તાલુકા વિકાસ અધિકારી એસ. જે ડાભી, ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર કૈલાસ બેન રાજગોર, નિર્મલભાઈ પટેલ, વિજયભાઈ પ્રજાપતિ સહિત અમલીકરણ કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

Volume : 11 Issue : 157 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002